PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/કવા–૦૩/૧૭–૧૮/ 1678 તા. 23-02-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હસમુખભાઈ મોનજીભાઈ વાયા,
રે.રાણ
તા.કલ્યાણપુર,
જી. દેવભુમી દ્વારકા
મોઃ ૯૭૨૬૯ ૮૯૯૨૬

વિષય :–બાકી લેણી રકમ ની નોટીસ મળવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૫/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૫/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૨–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હસમુખભાઈ મોનજીભાઈ વાયા, ગામ: રે.રાણ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પુત્ર રાહુલ હસમુખભાઈ વાયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ભાટીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

---

**: હુકમ :**

---

**ફરીયાદ : બાકી લેણી રકમ ની નોટીસ મળવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમની માલીકી નુ ગ્રાહક નં. : ૮૨૪૦૧/૦૧૪૫૬/૦ વાળુ મકાન – મેવાસા ગામ ના વતની હરદાશ લખમણ ગાધેર ને વેચાણ કરી આપેલ છે. તેઓએ મકાન વેચ્યા બાદ, સદર જોડાણ મા નામ બદલી અથવા તો જોડાણ ને રદબાતલ કરવાની અરજી પીજીવીસીએલ મા કરેલ હતી. તેમ છતા– સદર જોડાણ નુ બાકી લેણુ તેઓની પાસેથી વસુલવા માટે ની નોટીસ તેઓને આવેલ છે. જે નોટીસ ને રદબાતલ કરવાની અરજદાર શ્રી ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – અરજદાર ના નામનુ વીજ ગ્રાહક નં. : ૮૨૪૦૧/૦૧૪૫૬/૦ થી ઘરવપરાશ વીજજોડાણ વાળુ મકાન – પેટા વિભાગીય કચેરી, ભાટીયા હેઠળ ધરાવે છે. સદર વીજ જોડાણ મા – બીલ ની રકમ બાકી હોય – તા.૦૪–૦૧–૧૭ ના રોજ – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા નિયમાધીન રીતે – સદર વીજ જોડાણ પીડીસી કરાયેલ. સદર વીજ જોડાણ મા તા.૧૬–૦૩–૧૭ સુધી રૂ.૨૩,૬૪૬.૯૨ નુ વીજબીલ બાકી હોય – કંપની ના નિયમ મુજબ – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા નોટીસ પત્ર નં. : ૧૩૨૫ તા.૧૬–૦૩–૧૭ અને લીગલ નોટીસ નં.: ૧૩૫૪ તા.૧૬–૦૩–૧૭ થી અરજદાર ને પાઠવેલ. સદર વીજ જોડાણ ની સ્થળ ખરાઈ કરતા માલુમ પડેલ કે – સદર અરજદાર હાલ – કલ્યાણપુર તાલુકાના રાણ ગામે રહે છે, જેથી – ફરીથી રાણ મુકામેના સરનામે – પત્ર નં. : ૪૭૩૧ તા.૨૫–૧૦–૧૭ થી રૂ.૨૫,૮૦૯.૮૯ બીલ ની રકમ બાકી હોય – ભરપાઈ કરવા જણાવેલ – જે અનુસંધાને – અરજદાર દ્વારા સવાલવાળા વીજ જોડાણ નુ મકાન વેચાણ દસ્તાવેજ જોડી અને રજુઆત કરવામા આવેલ. જે અન્વયે – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા પત્ર નં. ૫૨૪૨ તા.૨૦–૧૧–૧૭ મુજબ – અરજદાર ને જણાવેલ કે – સદર બાબતે દિવાની દાવો – કલ્યાણપુર કોર્ટ મા દાખલ થયેલ છે, જેથી કાનુની નોટીસ – અરજદાર ને રાણ ગામ ના સરનામે મળશે.જે બાબતે પક્ષકાર તરીકે આપના લગત પુરાવા નામ.કોર્ટ મા રજુ કરી શકશો, તેમ જણાવેલ. વધુમા, અરજદાર દ્વારા – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અગાઉ – તેઓના વીજ જોડાણ મા નામ બદલી ની કોઈ અરજી નોંધાયેલ નથી. તેમજ, નામ બદલી માટે નો નોંધણીચાર્જ પણ ભરપાઈ કરેલ નથી. તદઉપરાંત, પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી પત્ર નં.: ૬૯૫ તા.૧૫–૦૨–૧૮ મુજબ – સદર બાબતે ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી મુજબ – ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૬–૦૨–૧૮ ના રોજ હાજર રહેવા માટે જાણકારી આપવા છતા – અરજદાર કે અરજદાર ના પ્રતિનીધી હાજર રહેલ ન હોય – અરજદાર ની ફરીથી રજુઆત માટે ફોરમ ની મીટીંગ: તા. ૧૬–૦૨–૧૮ ના રોજ – વીજ જોડાણ મા નામ બદલી ની અરજી – તેમજ જરૂરી રકમ ભરપાઈ કરેલ નોંધણીચાર્જ ની રસીદ – અને તેને સંલગ્ન આધાર – પુરાવા સાથે હાજર રહેવા જણાવેલ. |

………………

| | |
|---|---|
| **૨.૨** | ફોરમ કમિટી મીટીગ: તા. ૧૬–૦૨–૧૮ ના રોજ અરજદારે જણાવેલ કે – સવાલવાળા વીજ જોડાણની જમીન – વેચાણ દસ્તાવેજ નં. : ૨૪૦૯ થી – હરદાસ લક્ષ્મણ ગાધેર ને વેચી આપેલ છે. તેમજ, અરજદાર ના હાજર રહેલ પ્રતિનીધી ને – સદર વીજ જોડાણ – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નામ બદલી ની અરજી કરેલ હોય – તે બાબત ના આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ – પરંતુ, અરજદાર દ્વારા કોઈ આધાર–પુરાવા રજુ કરવામા આવેલ નથી. તેમજ, સદર બાબતે પીજીવીસીએલ દ્વારા કલ્યાણપુર કોર્ટ મા દિવાનો દાવા નં. ૨૬/૧૭ તા.૧૦–૧૧–૧૭ ના રોજ થી દાખલ થયેલ છે. જેમા – અરજદાર દ્વારા જોડેલ દસ્તાવેજીક પેપર્સ મુજબ – મુખ્ય પક્ષકાર તરીકે શ્રી હરદાસ લક્ષ્મણ ગાધેર ને જોડવા – અને અરજદાર શ્રી ને સાક્ષી તરીકે સામેલ કરવા – પેનલ એડવોકેટ શ્રી ને જણાવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર હસમુખભાઈ મોનજીભાઈ વાયા ના નામે ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૨૪૦૧/૦૧૪૫૬/૦ ધરાવે છે. સદર જમીન અરજદાર દ્વારા – વેચાણ દસ્તાવેજ નં. કેએલપી –૨૪૦૯– તા.૧૨–૦૫– ૨૦૦૮ મુજબ – હરદાસ લક્ષ્મણ ગાધેર ને – વેચાણ કરેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – સદર વીજ જોડાણ પેટે – વીજબીલ ની રકમ – બાકી હોય – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – પીડીસી કરાયેલ – તેમજ નિયમાધીન રીતે લીગલ નોટીસ આપેલ, તેમજ – સ્થળ તપાસ કરતા – અરજદાર રાણ ગામે રહેતા હોય – કંપની ના નિયમાધીન મુજબ – વીજબીલ ની બાકી રકમ – ભરપાઈ કરવા જણાવેલ – પરંતુ, અરજદાર દ્વારા ભરપાઈ ન થતા – કલ્યાણપુર કોર્ટ મા દિવાનો દાવા નં. ૨૬/૧૭ તા.૧૦–૧૧–૧૭ ના રોજ થી દાખલ કરેલ છે. ,નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના –કાનુની કાર્યવાહી હેઠળ પડતર રહેલ હોય તેવા ના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે – અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી અરજદાર શ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ મુજબ – સદર બાબત – કલ્યાણપુર કોર્ટ મા દિવાનો દાવા નં. ૨૬/૧૭ તા.૧૦–૧૧–૧૭ ના રોજ થી દાખલ કરેલ હોય, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ – ઉપરોકત સંદર્ભ મુજબની અરજદાર ની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. જે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ખાલી જગ્યા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**

……………..